# અંગ્રેજી વ્યાકરણ [ ભાગ 8 ] ગુજરાતીમાં

# Perfect Present Tense

## પૂર્ણ વર્તમાનકાળ,નકાર અને પ્રશ્નાર્થક વાક્યો

### પૂર્ણ વર્તમાનકાળ

– વર્તમાનમાં ક્રિયા પૂર્ણ થઇ ગયી છે/ થઇ ગયી નથી તે દર્શાવવા માટે.

વર્તમાનકાળમાં કોઈ કામ પૂરું થઈ ગયું છે એ બતાવવામાટે પૂર્ણ વર્તમાનકાળ વાપરવામાં આવે છે . પૂર્ણ કાળ બનાવવા માટે ક્રીયાપદનું ભૂત કૃદંત બનાવવું પડે છે . ક્રીયાપદનાં ભૂતકૃદંતની આગળ **to have** નાં વર્તમાન કાળનાં રૂપો મૂકવાથી પૂર્ણ વર્તમાનકાળ બને છે .

( 1 ) તે હમણાં જ બે કીલોમીટર ચાલ્યો છે .

**He has just walked two kilometers .**

( 2 ) તેઓ કયારનાં ફરવા ગયા છે .

**They have already gone for a walk .**

( 3 ) ખેડૂતોએ ખેતર ખેડયું છે .

**The farmers have tilled the field .**

( 4 ) પોલીસે બસ અટકાવી છે .

**The policeman has stopped the bus .**

આમ , ક્રીયા થોડા સમય પહેલાં પૂર્ણ થઈ ગઈ હોય અથવા અગાઉ થઈ ગયેલી ક્રીયાની અસર અત્યારે ચાલુ છે એવું દર્શાવવું હોય તો તે માટે પૂર્ણ વર્તમાનકાળ વપરાય છે .ક્રીયાપદનું પૂર્ણ વર્તમાનકાળનું રૂપ ભૂતકાળ અને વર્તમાનકાળને સાંકળે છે .

**To walk** ક્રીયાપદનાં પૂર્ણ વર્તમાનકાળનાંરૂપો નીચે આપ્યા છે . તે બરાબર યાદ કરો .

**To walk** ( ટુ વોક ) ચાલવું

www.shikshansahitya.in

## એકવચન - Singular

| | | |
|---|---|---|
| પ્ર. પુરુષ : - | I have walked : - | હું ચાલ્યો છું . |
| બી. પુરુષ : - | You have walked :- | તું ચાલ્યો છે . |
| ત્રી. પુરુષ : - | He has walked :- | તે ચાલ્યો( પુરૂષ ) છે . |
| | She has walked :- | તે ચાલી( સ્ત્રી ) છે . |
| | It has walked : - | તે ચાલ્યું ( નાન્યતર )છે |

## બહુવચન - Plural

| | | |
|---|---|---|
| પ્ર. પુરુષ :- | We have walked : - | અમે ચાલ્યા છીએ . |
| બી. પુરુષ : - | You have walked : - | તમે ચાલ્યા છો . |
| ત્રી. પુરુષ : - | They have walked : - | તે ચાલ્યા છે . ( પુરૂષ , સ્ત્રી , નાન્યતર ) |

www.shikshansahitya.in

## હકારાત્મક વાકય : -

હકારાત્મક વાક્યોમાં સર્વપ્રથમ કર્તાની અંગ્રેજી ત્યાર બાદ To have ક્રીયાપદનું કર્તા પ્રમાણે વર્તમાનકાળનું રૂપ have કે has મૂકવામાં આવે છે.ત્યાર બાદ ક્રીયાપદનું ભૂત કૃદંત ( Third form ) મૂકવામાં આવે છે. ત્યાર બાદ કર્મ ની અંગ્રેજી અને ત્યાર બાદ અન્ય વાક્યો ની અંગ્રેજી કરવામાં આવે છે .

( 1 ) મેં તે રમકડાં ટેબલ પર મૂક્યાં છે.
**I have put those toys on the table .**

( 2 ) તમે મારો રૂમાલ સંતાડયો છે .
**You have hidden my handkerchief .**

( 3 ) ચાકરે બારણું ઉઘાડયું છે.
**The servant has opened the door .**

( 4 ) ઈશ્વરે આપણને બધાને બનાવ્યા છે .
**God has made us all .**

( 5 ) વિમાને હમણાં જ ઊતરાણ કર્યું છે .

**The plane has just landed .**

## નકારાત્મક વાકય : -

નકારાત્મક વાક્યોમાં સર્વપ્રથમ કર્તાની અંગ્રેજી ત્યાર બાદ **To have** ક્રીયાપદનું કર્તા પ્રમાણે વર્તમાનકાળનું રૂપ **have** કે **has** મૂકવામાં આવે છેત્યાર બાદ **not** મૂકવામાં આવે છે તેનાં પછી ક્રીયાપદનું ભૂતકૃદંત( **Third form** ) મૂકવામાં આવે છે ત્યાર બાદ કર્મની અંગ્રેજી અને અન્ય વાક્યોની અંગ્રેજી કરવામાં આવે છે .

( 1 ) મેં મારા પાઠ વાંચ્યા છે .

**I have read my lesson .**

મેં મારા પાઠ વાંચ્યા નથી .

**I have not read my lesson .**

( 2 ) તે બે કીલોમીટર ચાલ્યો છે .

**He has walked two kilometers .**

તે બે કીલોમીટર ચાલ્યો નથી .

**He has not walked two kilometers .**

( 3 ) પોલીસે બસ અટકાવી છે .

**The policeman has stopped the bus .**

પોલીસે બસ અટકાવી નથી .

**The policeman has not stopped the bus .**

( 4 ) તમે તેને પૈસા ઉછીનાં આપ્યા છે .

**You have lent him money .**

તમે તેને પૈસા ઉછીનાં આપ્યા નથી .

**You have not lent him money .**

( 5 ) મને તમારી ખોવાયેલી વીંટી જડી છે .

**I have found your lost ring .**

મને તમારી ખોવાયેલી વીંટી જડી નથી .

**I have not found your lost ring .**

www.shikshansahitya.in

## પ્રશ્નાર્થક વાકય : -

પ્રશ્નાર્થક વાક્યોમાં જયારે પ્રશ્નાર્થક શબ્દ " શું " વાકયની શરૂઆતમાં આવે ત્યારે **To have** ક્રીયાપદનું કર્તા પ્રમાણે વર્તમાનકાળનું રૂપ**have** કે **has** સર્વપ્રથમ મૂકવામાં આવે છે ત્યાર બાદ કર્તાની અંગ્રેજી અને તેનાં પછી ક્રીયા -પદનું ભૂતકૃદંત( **third form )** મૂકવામાં આવે છે ત્યાર બાદ કર્મઅને અન્ય વાક્યોની અંગ્રેજી કરવામાં આવે છે .

( 1 ) મેં તે રમકડાં ટેબલ પર મૂક્યાં છે.

**I have put those toys on the table .**

શું મેં તે રમકડાં ટેબલ પર મૂક્યાં છે?

**Have I put those toys on the table ?**

( 2 ) મેં દૂધ પીધું છે .

**I have drunk milk .**

શું મેં દૂધ પીધું છે?

**Have I drunk milk ?**

( 3 ) તે ખેતરે ગયો છે .

**He has gone to the field .**

શું તે ખેતરે ગયો છે ?

**Has he gone to the field ?**

( 4 ) મેં મારૂ લેશન કરી લીધું છે .

**I have done my homework .**

શું મેં મારૂ લેશન કરી લીધું છે?

**Have I done my homework ?**

( 5 ) તમે તમારો અભ્યાસ પૂરો કરી લીધો છે.

**You have completed your study .**

શું તમે તમારો અભ્યાસ પૂરો કરી લીધો છે?

**Have you completed your study ?**

પરંતુ જયારે " શું " , " કયારે " , " કયા " , " શા માટે " , અને " કેવી રીતે " જેવા પ્રશ્નાર્થક શબ્દો વાક્યોની વચ્ચે આવે ત્યારે સર્વપ્રથમ પ્રશ્નાર્થક શબ્દની અંગ્રેજી કરવામાં

www.shikshansahitya.in

આવે છે .ત્યાર બાદ **To have** ક્રીયાપદનું કર્તા પ્રમાણે વર્તમાન કાળનું રૂપ **have** કે **has** મૂકવામાં આવેછે , તેનાં પછી કર્તાની અંગ્રેજી અને ત્યાર બાદ ક્રીયાપદનું ભૂતકૃદંત( **Third form )** મૂકવામાં આવે છે તેનાં પછી કર્મ અને અન્ય વાક્યોની અંગ્રેજી કરવામાં આવે છે .

( 1 ) મેં દૂધ પીધું છે .
**I have drunk milk .**
મેં દૂધ કેવી રીતે પીધું છે ?
**How have I drunk milk ?**

( 2 ) તમે તમારો અભ્યાસ પૂરો કરી લીધો છે.
**You have completed your study .**
તમે તમારો અભ્યાસ કયાં પૂરો કરી લીધો છે?
**Where have you completed your study ?**

( 3 ) મેં મારૂં લેશન કરી લીધું છે .
**I have done my lesson .**
મેં મારૂં લેશન કયારે કરી લીધું છે ?
**When have I done my lesson ?**

( 4 ) તમે તેને પૈસા ઉછીનાં આપ્યા છે .
**You have lent him money .**
તમે તેને પૈસા શા માટે ઉછીનાં આપ્યા છે ?
**Why have you lent him money ?**

( 5 ) તે ખેતરે ગયો છે .
**He has gone to the field .**
તે ખેતરે કેવી રીતે ગયો છે ?
**How has he gone to the field ?**

નોંધ : -

( 1 ) **Just** ( હમણાં જ ) અને **already** ( ક્યારનું ) શબ્દો " **to have** " અને ક્રીયાપદનાં ભૂતકૃદંતની વચ્ચે આવે છે

www.shikshansahitya.in

( 2 ) ક્રીયાપદને સામાન્ય રીતે ed પ્રત્યય લગાડવાથી ભૂતકૃદંત બને છે. જેમકે : - **rest - rested**

( 3 ) જો ક્રીયાપદનાં મૂળ રૂપને છેડે e આવ્યો હોય તો ed ને બદલે માત્ર d લગાડવો . જેમકે : - **love - loved .**

( 4 ) જો ક્રીયાપદનાં મૂળ રૂપને છેડે એક જ વ્યંજન હોય અને તેની પૂર્વે એક જ સ્વર હોય તો ed લગાડતા છેલ્લા વ્યંજનને બેવડાવવો . જેમકે : - **stop - stopped .**

( 5 ) ઘણાં ખરાં ક્રીયાપદોનાં ભૂતકાળ અને ભૂતકૃદંતનાં એક જ રૂપ થાય છે જેમકે : - **dig - dug - dug , hang -hung -hung .**

www.shikshansahitya.in

www.shikshansahitya.in